# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 17-04-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day: THURSDAY** **National News**

**નમસ્કાર,આકાશવાણી,**

**OPENING SIGNATURE TUNE**

સમાચાર અનિલ પટેલ વાંચે છે.

---

## મુખ્ય સમાચાર (મ્યુસિક અંડરપ્લે )

**1)** ગૃહમંત્રી અમિત શાહે કહ્યું, માર્ચ 2026 સુધીમાં દેશમાંથી નક્સલવાદને સંપૂર્ણ સમાપ્ત કરવામાં CRPFની સૌથી મહત્વની ભૂમિકા હશે.

**2)** પશ્ચિમ બંગાળના મુર્શીદાબાદ હિંસાની એનઆઇએ દ્વારા તપાસ કરવા ભાજપની માંગણી.

**3)** અમેરિકન પ્રમુખ ડૉનાલ્ડ ટ્રમ્પ અને ઈટલીનાં પ્રધાનમંત્રી જ્યોર્જિયા મેલોની વચ્ચે આજે વૉશિંગ્ટન ડીસીમાં મહત્વની બેઠક યોજાશે.

**4)** પ્રારંભિક ઘટાડા બાદ શેરબજારમાં તેજીનો માહોલ. સેન્સેક્સ અને નિફ્ટીમાં તેજી.

**5)** I.P.L. ક્રિકેટમાં આજે મુંબઈ ઇન્ડિયન્સ અને સનરાઈઝર્સ હૈદરાબાદ વચ્ચે મુકાબલો.

સમાચારને અંતે

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....

(–આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# REV AMIT SHAH MP

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું, માર્ચ 2026 સુધી દેશમાંથી નક્સલવાદ સંપૂર્ણ રીતે સમાપ્ત થઈ જશે અને તેમાં કેન્દ્રીય અનામત પોલીસ દળ- C.R.P.F.ના જવાન સૌથી મહત્વની ભૂમિકા ભજવશે. શ્રી શાહ આજે મધ્યપ્રદેશના નીમચ ખાતે C.R.P.F.ના 86-મા સ્થાપના દિવસ નિમિત્તે યોજાયેલા સમારોહને સંબોધી રહ્યા હતા. તેમણે કહ્યું, કોબરા બટાલિયનના જવાન દેશને નક્સલમુક્ત બનાવવામાં નોંધપાત્ર કામ કરી રહ્યા છે અને તેમના અદભૂત સાહસના આધારે જ નક્સલવાદથી સંપૂર્ણ રીતે મુક્તિનો દેશનો સંકલ્પ પૂર્ણ થશે.

<u>(બાઈટઃ અમિત શાહ) (AMIT SHAH BYTE CRPF)</u>

દેશના અમર શહીદોના બલિદાનને નમન કરતા શ્રી શાહે કહ્યું, દેશના ઇતિહાસમાં સુરક્ષા દળોના અમર શહીદોની શૌર્યગાથા સુવર્ણ અક્ષરોથી લખાશે.

<u>(બાઈટઃ અમિત શાહ) (AMIT SHAH JAWAN SHAHID BYTE)</u>

. . . . . . . . . . . . . . . .

# REV RAJNATH DEFENCE CONCLAVE

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંઘે કહ્યું, ભારતનું સંરક્ષણ ક્ષેત્ર આત્મનિર્ભરતાના માર્ગ પર આગળ વધી રહ્યું છે અને વિશ્વભરમાં સંરક્ષણ નિકાસમાં આ ક્ષેત્રની ક્ષમતા વધી રહી છે. આ વૈશ્વિક પૂરવઠા શ્રેણી બનાવવામાં પણ મહત્વની ભૂમિકા ભજવવા તૈયાર છે.

## (બાઈટઃ RAJNATH SINGH SELF RELIANCE BYTE)

નવી દિલ્હીમાં 'ડિફેન્સ કોન્કલેવ- ફોર્સ ઓધ ધ ફ્યૂચર'ના ઉદ્ઘાટન સત્રને સંબોધતા શ્રી સિંઘે કહ્યું, સરકાર સંરક્ષણ ક્ષેત્રની ક્ષમતાઓને વધારવા પર વિશેષ ધ્યાન આપી રહી છે. તેમણે કહ્યું, નરેન્દ્ર મોદી સરકારે સશસ્ત્ર દળોના આધુનિકીકરણની સાથે સાથે સંરક્ષણ ક્ષેત્રમાં આત્મનિર્ભરતા પર પણ ધ્યાન કેન્દ્રીત કર્યું છે. સંરક્ષણ ક્ષેત્રમાં આત્મનિર્ભરતાને પ્રોત્સાહન આપવા મંત્રાલયે વર્ષ 2025ને સુધારાના વર્ષ તરીકે જાહેર કર્યું હોવાનું પણ શ્રી સિંઘે ઉમેર્યું હતું.

આ સંમેલનનો ઉદ્દેશ ભારતના ઉભરતા સંરક્ષણ પરિદ્રશ્ય પર ચર્ચા કરવી, ટૅક્નિકલ વિકાસ અને સૈન્ય ક્ષેત્રમાં વ્યૂહાત્મક સુધારા પર ધ્યાન કેન્દ્રીત કરવાનો છે. આમાં સંરક્ષણ સુધારા, આત્મનિર્ભરતા, સ્વદેશી ઉત્પાદન, સંરક્ષણ નિકાસ અને ઉભરતી ટેક્નોલૉજી જેવા વિષયો પર

ચર્ચાઓ પણ સામેલ છે. આમાં ઉચ્ચ સૈન્ય અધિકારી, સરકારી પ્રતિનિધિ, ઉદ્યોગપતિઓ ભાગ લે છે.

. . . . . . . . . . . . . . . .

## SC WAQF AMENDMENT BILL

સર્વોચ્ચ અદાલતે વક્ફ સુધારા અધિનિયમ 2025-ને પડકારતી અરજીઓ પર સુનાવણી કરતા ગઈકાલે વચગાળાનો કોઈ આદેશ આપ્યો નથી. આ પહેલા કેન્દ્ર સરકારે સર્વોચ્ચ અદાલત દ્વારા ઉઠાવવામાં આવેલા ત્રણ મુદ્દા પર પોતાની દલીલો તૈયાર કરવા સમય માગ્યો હતો.

મુખ્ય ન્યાયમૂર્તિ સંજીવ ખન્ના, ન્યાયમૂર્તિ સંજય કુમાર અને ન્યાયમૂર્તિ કે. વી. વિશ્વનાથન્-ની ખંડપીઠ આ અરજીઓ પર સુનાવણી કરી રહી છે. હવે આ મામલે આજે બપોરે ફરી સર્વોચ્ચ અદાલતમાં સુનાવણી હાથ ધરાશે.

અદાલતે નવા વક્ફ અધિનિયમને પડકારતી અરજીઓ પર વચગાળાનો આદેશ આપવા અંગે વિચાર કર્યો. ખંડપીઠે ત્રણ મુખ્ય મુદ્દા ઉઠાવ્યા હતા. અદાલતે કહ્યું, તેઓ સુધારા કાયદાની વક્ફ સંબંધિત જોગવાઈને અસરકારક નહીં બનવા દે. આ જોગવાઈ હેઠળ, મિલકત સરકારી જમીન છે કે નહીં તે અંગે જિલ્લા અધિકારીની તપાસ ચાલુ રહેવા સુધી વક્ફ મિલકતને વક્ફ નહીં ગણવામાં આવે.

. . . . . . . . . . . . . . . .

# CHAUHAN BRICS MEETING

કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજસિંહ ચૌહાણ આજે બ્રાઝિલમાં બ્રિક્સ દેશોના કૃષિમંત્રીઓની 15-મી બેઠકમાં ઉપસ્થિત રહેશે. આ બેઠકમાં બ્રિક્સ દેશો વચ્ચે સમાવેશક અને ટકાઉ ખેતીને સહકાર, નવીનતા અને સમાનતા પર આધારિત વેપારના માધ્યમથી પ્રોત્સાહન આપવાના વિષય પર ચર્ચા કરાશે.

શ્રી ચૌહાણ બ્રાઝિલના કૃષિ અને પશુપાલન મંત્રી કાર્લોસ હેનરિક બકેટા ફેવારો તેમજ કૃષિ વિકાસ તથા પારિવારિક કૃષિ મંત્રી લુઈઝ પાઉલો ટિકસેઈરા સાથે પણ દ્વિપક્ષી બેઠક યોજશે. સાઓ પાઉલોમાં બ્રાઝિલના મુખ્ય ખેતી વ્યવસાય સાથે સંબંધિત કંપનીઓ અને બ્રાઝિલના ખાદ્ય તેલ ઉદ્યોગ સંઘના પ્રતિનિધિઓ સાથે પણ તેમનો સંવાદ થવાની શક્યતા છે.

શ્રી ચૌહાણ બ્રાસિલિયામાં ભારતીય રાજદૂતભવન ખાતે એક પેડ મા કે નામ પહેલ અંતર્ગત વૃક્ષારોપણમાં પણ ભાગ લેશે. સાઓ પાઉલો ખાતે શ્રી ચૌહાણ ભારતીયો સાથે પણ મુલાકાત કરશે.

. . . . . . . . . . . . . . . .

# WEST BENGAL NIA INVESTIGATION

પશ્ચિમ બંગાળમાં વિપક્ષના નેતા ભાજપના સુવેન્દુ અધિકારીએ મુર્શિદાબાદ હિંસા કેસમાં એનઆઈએ તપાસની માંગ કરી છે. પક્ષે વક્ફ સુધારા કાયદાને લઈને થયેલી હિંસાથી પ્રભાવિત થયેલા લોકો માટે વળતરની પણ માંગ કરી હતી.

ભાજપના પ્રદેશ અધ્યક્ષ સુકાંત મજૂમદારે કહ્યું, હિંસામાં જે મકાનો અને દુકાનોને નુકસાન થયું છે, તેનું રાજ્ય સરકાર દ્વારા સમારકામ કરાવવાની પણ માંગણી કરી છે.

. . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# ED ROBERT VADRA

પ્રવર્તન નિદેશાલય- E.D. હરિયાણામાં જમીન સોદા સાથે જોડાયેલા; મની લૉન્ડરિંગ કેસની તપાસ મામલે આજે સતત ત્રીજા દિવસે; રૉબર્ટ વાડરાની પૂછપરછ કરી રહી છે. નવી દિલ્હીમાં E.D. કાર્યાલય ખાતે શ્રી વાડરાની પૂછપરછ કરવામાં આવી રહી છે. આ મામલો શ્રી વાડરાની કંપની દ્વારા ગુરુગ્રામમમાં જમીનની ખરીદી સાથે સંબંધિત છે.

. . . . . . . . . . . . . . . .

# PM CHANDRASHEKHAR

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે પૂર્વ પ્રધાનમંત્રી ચંદ્રશેખરને તેમની જન્મજયંતી પર શ્રદ્ધાંજલિ અર્પી હતી. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી મોદીએ લખ્યું કે, શ્રી ચંદ્રશેખરે હંમેશા પોતાના રાજકારણમાં રાષ્ટ્રીય હિતને સર્વોપરી રાખ્યું છે. પ્રધાનમંત્રીએ ઉમેર્યું કે, સામાજિક સંવાદિતા અને રાષ્ટ્ર નિર્માણ માટેના તેમના પ્રયાસોને હંમેશા યાદ કરવામાં આવશે.

. . . . . . . . . . . . . . . .

# TRUMP MELONI MEET

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડૉનાલ્ડ ટ્રમ્પ અને ઈટલીનાં પ્રધાનમંત્રી જ્યોર્જિયા મેલોની વચ્ચે આજે વૉશિંગ્ટન ડીસીમાં બેઠક યોજાશે. સમગ્ર વિશ્વમાં ચાલી રહેલા વેપાર યુદ્ધ વચ્ચે આ બેઠક મહત્વની હશે.

વૉશિંગ્ટનના પ્રવાસ બાદ ઈટલીનાં પ્રધાનમંત્રી આવતીકાલે રોમમાં અમેરિકાના ઉપ-રાષ્ટ્રપ્રમુખ જે.ડી. વેન્સનું સ્વાગત કરશે. શ્રી વેન્સ વેટિકનના વિદેશમંત્રી કાર્ડિનલ પિએત્રો પેરોલિન સાથે પણ મુલાકાત કરશે.

ઈટલીના પ્રવાસ બાદ શ્રી વેન્સ ભારત પ્રવાસે આવશે. દરમિયાન તેઓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે બેઠક કરશે.

. . . . . . . . . . . . . . . . .

# BANGLADESH CAIG

અમેરિકાના વિદેશ વિભાગનું એક પ્રતિનિધિમંડળ આજે બાંગ્લાદેશની વચગાળાની સરકારના મુખ્ય સલાહકાર પ્રૉફેસર મોહમ્મદ યુનુસ સાથે મુલાકાત કરશે. દક્ષિણ અને મધ્ય એશિયાઈ બાબતોના બ્યૂરોમાં નાયબ મદદનીશ સચિવ નિકોલ એન. ચૂલિક, પૂર્વ એશિયાઈ અને પ્રશાંત બાબતોના બ્યૂરોમાં નાયબ મદદનીશ સચિવ એન્ડ્રયુ તેમજ હેઅપર ત્રણ દિવસના પ્રવાસ નિમિત્તે ઢાકામાં છે.

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડૉનાલ્ડ ટ્રમ્પે જાન્યુઆરીમાં કાર્યભાર સંભાળ્યા બાદ અમેરિકા તરફથી પ્રથમ સત્તાવાર પ્રવાસ છે. ગઈકાલે પ્રતિનિધિમંડળે વિવિધ રાજકીય દળના નેતાઓ સાથે બેઠક યોજી હતી, જેમાં બાંગ્લાદેશ નેશનલિસ્ટ પાર્ટી- B.N.P., ઇસ્લામી પાર્ટી જમાત-એ-ઇસ્લામી અને નવી બનેલી નેશનલ સિટિઝન પાર્ટી- N.C.P. સામેલ છે.

. . . . . . . . . . . . . . . .

## STOCKS - 1200

મિશ્ર વૈશ્વિક સંકેતોને કારણે સ્થાનિક બેન્ચમાર્ક સૂચકાંકો આજે ઊંચા સ્તરે વેપાર કરી રહ્યા છે. બજાર ઘટાડા સાથે ખુલ્યુ હતું. જોકે ત્યારબાદ વૈશ્વિક બજારમાં સકારાત્મક પ્રતિભાવને પગલે માર્કેટમાં સુધારો થયો હતો.

વિદેશી અને સ્થાનિક રોકાણકારોએ લેવાલીમાં ઉત્સાહ દર્શાવતા સેન્સેક્સ દિવસ દરમિયાન એક હજાર પોઇન્ટ કરતાં વધુને નિફ્ટી 300 પોઇન્ટ કરતાં વધુ ઉછળ્યો હતો.

. . . . . . . . . . . . . . . .

## IPL CRICKET

ઇન્ડિયન પ્રીમિયર લીગ- I.P.L. ટી-20 ક્રિકેટમાં આજે મુંબઈ ઇન્ડિયન્સ અને સનરાઈઝર્સ હૈદરાબાદ વચ્ચે મૅચ રમાશે. મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં આજે સાંજે સાડા સાત વાગ્યે મૅચ શરૂ થશે. મુંબઈની ટીમ હાર્દિક પંડ્યા અને હૈદરાબાદની ટીમ પેટ કમિન્સના સુકાનીપદ હેઠળ મેદાનમાં ઉતરશે.

ગઈકાલે દિલ્હી કૅપિટલ્સે રાજસ્થાન રૉયલ્સને સુપર ઑવરમાં પરાજય આપ્યો હતો. દિલ્હીના અરૂણ જેટલી સ્ટેડિયમમાં બંને ટીમનો સ્કોર બરાબર થતાં મૅચનો નિર્ણય સુપર ઑવરથી થયો હતો. આ વખતની I.P.L.ની આ

**પહેલી મૅચ હતી, જેનો નિર્ણય સુપર ઑવરથી થયો. દિલ્હી કૅપિટલ્સે નિર્ધારિત 20 ઑવરમાં પાંચ વિકેટ ગુમાવી 188 રન બનાવ્યા હતા. દરમિયાન રાજસ્થાન રૉયલ્સે પણ 20 ઑવરમાં ચાર વિકેટ ગુમાવી 188 રન બનાવી લીધા હતા.**

. . . . . . . . . . . . . . . .

US VC TOUR

અમેરિકામાં ઉપ-રાષ્ટ્રપ્રમુખ જે. ડી. વેન્સ આ મહિનાની 21 તારીખથી ચાર દિવસ સત્તાવાર ભારત પ્રવાસે આવશે. વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું કે, શ્રી વેન્સનો આ પહેલો ભારતીય પ્રવાસ હશે. તેઓ સોમવારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરશે. ઉપ-રાષ્ટ્રપ્રમુખ અને તેમના પ્રતિનિધિમંડળના દિલ્હીમાં અન્ય કાર્યક્રમ પણ યોજાશે.

આ પ્રવાસ બંને દેશના દ્વિપક્ષીય સંબંધોના વિકાસની સમીક્ષા કરવાની તક પૂરી પાડશે. આ મુલાકાત આ વર્ષે 13 ફેબ્રુઆરીએ પ્રધાનમંત્રીના અમેરિકા પ્રવાસ દરમિયાન જાહેર ભારત-અમેરિકા સંયુક્ત વક્તવ્યના પરિણામના અમલીકરણની તક પૂરી પાડશે. બંને પક્ષ પરસ્પર હિતના પ્રાદેશિક અને વૈશ્વિક વિકાસ પર પણ વિચારોનું આદાન-પ્રદાન કરશે.

----------

**DFS CEO**

નાણા સેવા વિભાગના સચિવ એમ. નાગરાજૂએ ગઈકાલે તમામ ખાનગી ક્ષેત્રના જીવન વીમા કંપનીઓના મુખ્ય કાર્યકારી અધિકારીઓ- C.E.O. સાથે બેઠક યોજી હતી. બેઠકમાં મુખ્ય ચિંતાઓ, નવા વિકાસ અને ઉદ્યોગ માટે આગળના માર્ગ અંગેની ચર્ચા કરવામાં આવી.

નવી દિલ્હીમાં યોજાયેલી બેઠકમાં શ્રી નાગરાજૂએ વિક્ષેપ વિનાના દાવાઓ અને ગ્રાહકોના અનુભવ અંગે ચર્ચા કરી હતી. તેમણે એક સશક્ત ગ્રાહક પ્રતિક્રિયા તંત્ર અને છેતરપિંડી તેમજ દુરૂપયોગ પર પ્રતિબંધ મુકવાની આવશ્યકતા પર પણ પ્રકાશ પાડ્યો હતો. શ્રી નાગરાજૂએ દેશમાં જીવન વીમા ઉત્પાદનોની પોષણક્ષમતા અને સુલભતા વધારવા પર પણ ભાર મૂક્યો.